સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)

આદ્યસ્થાપક : ગુરુદેવ પ.પૂ.બાપજી | પ્રેરક : ગુરુવર્ય પ.પૂ.સ્વામીશ્રી

# મહિમા વર્ષ

ઉપક્રમે

## ઓક્ટોબર

# પ્રગટભાવ માસ

## દિવ્યરૂપે શ્રીજીમહારાજ પ્રગટ છે

## Family Time સભા - 3

## કાર્યક્રમ મટીરીયલ

## ❖ Family Time સભા ક્યારે અને કેવી રીતે કરવી ?

ઘરના સૌ સભ્યો ભેગા થઈ શકે તે મુજબ ગુરુવારના દિવસે Family Time સભાનું આયોજન કરવું અને Family Time સભા માટે સમય નક્કી કરવો અને તે મુજબ સભા કરવી.

**નોંધ :- જે સેન્ટરમાં અઠવાડિક સભા ગુરુવારના રોજ થતી હોય તેવા સેન્ટરના હરિભક્તોએ શુક્રવારે Family Time સભાનું આયોજન કરવું.**

- નાનાએ વડીલોને ચરણસ્પર્શ કરી તથા વડીલોએ નાનાને બે હાથ જોડી નમસ્કાર કરી સભામાં બેસવું.
- "ઘર એક મંદિર" હોવાથી ઘરમાં અનુકૂળ સ્થળે સભા કરી શકાય.
- સભાને અંતે સૌએ એકબીજાને હાથ જોડી અરસપરસ 'દયાળુ રાજી રહેજો' એવી સાચા ભાવે પ્રાર્થના કરવી.
- મહિલા-પુરુષ સભ્યોએ મર્યાદા રાખીને બેસવું.

: વર્ષ :
૨૦૨૨

: માસ :
ઓક્ટોબર

સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)

# મહિમા વર્ષ

ઉપક્રમે

## પ્રગટભાવ માસ

(દિવ્યરૂપે શ્રીજીમહારાજ પ્રગટ છે)

આ માસમાં અમલમાં મૂકવાના PLના મુદ્દા

દિવસમાં એક વખત “હો શ્રીજી તમારું પ્રગટપણું ...”
આ પ્રાર્થના સાચા ભાવે અંતરના આર્તનાદ સાથે અવશ્ય કરીએ.

“દેહ નહીં હું મુક્ત અનાદિ...”
દિવસ દરમ્યાન આ રીતે જ્ઞાનજાગૃતિમાં રહીએ.

# કૃપાવચનો

(1) પ્રગટભાવ-પ્રત્યક્ષભાવ બહુ જ રાખવો. એ સંકલ્પ કોઈ દિવસ ન ઊઠવા દેવો કે, મહારાજ અને મોટાપુરુષ નથી. જે દિવસે એ નથી એવું થયું એ દિવસે રંડાણા. મહિનાનો, બે મહિનાનો, છ મહિનાનો સંયમ એક સેકન્ડમાં ખોઈ નાખશું. માટે ભલા થઈને આ વાત રગેરગમાં ઊતારી દેજો. એ બધું જ જુએ છે. આ રહ્યા એ.. મારી ભેળા જ છે. જેટલું આ દ્રઢ થશે તેટલો આપણે નિષ્કામ ધર્મ (બ્રહ્મચર્ય) પાળી શકીશું.

(2) મહારાજ અને મોટાપુરુષ અંતર્યામી જ છે. આપણા દોષોને કહેતા નથી તે તેમની કેવળ કૃપા જ છે. આપણાથી કદાચ આજ્ઞા બહાર વર્તાયું હશે ત્યારે મહારાજ ને મોટાપુરુષની દ્રષ્ટિમાં કઇંક ફેર જણાશે. કોઈને કોઈ માધ્યમે મહારાજ તેની શિક્ષા કરશે. ત્યારે સમજવું કે, એમનું અંતર્યામીપણું ચુકાયું છે.

(3) જેને મહારાજ અને મોટાપુરુષનું પ્રગટપણું-અંતર્યામીપણું રહેતું હોય તે નાનામાં નાનો હોય તો પણ તે મોટો છે, અને જેને પ્રગટપણું-અંતર્યામીપણું ન રહેતું હોય તે મોટો છતાંય, સાવ નાનો છે. જેણે મહારાજની કોરે મોટા થવું હોય તેમણે પ્રગટપણું અને અંતર્યામીપણું ફરજિયાત દ્રઢ કરવું પડે. મહારાજે આપણને કેટલા મોટા કર્યા છે ? એ મોટ્યપને નિભાવવા માટે પ્રગટભાવ અને અંતર્યામીપણું ફરજિયાત છે.

(4) મહારાજના પ્રગટપણાની દ્રઢતા રોજબરોજના જીવનમાં બહુ જરૂરી છે. માત્ર પ્રતિમા સ્વરૂપે પ્રગટ છે એ કારણ સત્સંગનો સિધ્ધાંત નથી. 'સદા પ્રગટ છે' એ દ્રઢાવ કરવો પડશે. સ્વાભાવિક રીતે વર્તાયા કરે... અહેસાસ રાખવો ન પડે.. રહે જ. કોઈપણ સ્થાનમાં 'આ રહ્યા મહારાજ.' કોઈપણ સ્થળે 'આ રહ્યા મહારાજ.' કોઈપણ સ્થિતિમાં 'આ રહ્યા મહારાજ.' ન થવાના ઘાટ થાય છે, સંકલ્પ-વિકલ્પ થાય છે, મનની સાથે રમવા માંડીએ છીએ એનું કારણ 'મહારાજ ને મોટા જાણે છે.. અંતર્યામી છે..' એનું જાણપણું નથી રહેતું. એનો દ્રઢાવ નથી.

# હો શ્રીજી તમારું પ્રગટપણું...

હો શ્રીજી તમારું પ્રગટપણું, અંતર્યામીપણું અખંડ રહો;
હો શ્રીજી સદાય તમે રાજી રહો, એવું દિવ્યજીવન મારે જીવવું છે...ટેક


મારી સર્વે ક્રિયાને તમે જુઓ છો, સર્વે સંકલ્પોને તમે જાણો છો;
દિવ્યદૃષ્ટિરૂપી તવ કૅમેરો, સદાય અમ પર ધારો છો,
આજ્ઞા વિરુદ્ધ કશું થાય નહિ, એવું પ્રગટપણું રખાવજો...૦૧

રહેતા હોઈએ તમારી પાસે, અને જેવી મર્યાદા રહે;
જઈએ દૂર કે રહીએ એકાંતે, તોપણ તેવી મર્યાદા રહે,
સદાય રાજી કરી શકીએ, એવું જાણપણું રખાવજો...૦૨

જેટલું અમને પ્રગટપણું, અંતર્યામીપણું દૃઢ હશે;
તેટલો જય અમારો થશે, નહિ તો સદા પરાજય થશે,
એવા અંતરના શત્રુઓથી, સદા જય અમારો કરાવજો...૦૩

ઓડિયો કીર્તનનું શ્રવણ કરવા માટે
બાજુમાં આપેલ Button પર ક્લિક કરો..

# વિષમ દેશકાળમાં બચવાનો ઉપાય



દિવ્યવાણીનું શ્રવણ કરવા માટે ઉપર આપેલ મૂર્તિ પર ક્લિક કરવું.



પામીએ **પ્રેરણા**

# " આરતી બાદ દંડવત તો ન જ ભૂલાય... "

જ્ઞાનસત્ર-15ના પ્રથમ દિવસે સંધ્યા સેશનના અંતમાં સંધ્યા આરતી થઇ. સંધ્યા આરતી બાદ વ્યવસ્થાને સંલગ્ન અન્ય સૂચનાઓ આપવામાં આવી. બીજી બાજુ ગુરુજીએ આરતી બાદ ઠાકોરજીને બે દંડવત કર્યા. દંડવત બાદ ગુરુજી આસન પર બિરાજમાન થયા. ગુરુજીએ તુરત હસ્તમાં માઈક્રોફોન લઈને કહ્યું કે, "ઠાકોરજીની અત્યારે આરતી થઇ છે તો બધાય મુક્તો સભામાંથી ઊભા થાવ ત્યારે અવશ્ય બે દંડવત કરી લેવા." આવી રીતે ઘણી વખત જુદા-જુદા પ્રસંગોમાં સમૈયા-ઉત્સવોમાં હજારોના સમૂહની વચ્ચે મહારાજની અલ્પ ગરિમાને પણ ચૂક્યા નથી અને સમાજને ચૂકવા દીધી નથી.

એ જ રીતે, તા.15/11/2021ને સોમવારના રોજ પ્રબોધિની એકાદશીના દિવસે બાપાશ્રી પ્રાગટ્યોત્સવ વખતની સભામાં પ્રાગટ્યોત્સવની આરતી બાદ આનંદોત્સવ બાદ એનાઉન્સર પૂ.સંતે સૂચના આપી કે, અત્યારે બાપાશ્રીના પ્રાગટ્યોત્સવની આરતી થઇ છે. તો સભાના અંતે જ્યારે ઊભા થઈએ ત્યારે બે દંડવત કરીને ઊભા થવું. આ વાત સાંભળતા ગુરુજીએ તુરત ઈશારા દ્વારા કહ્યું કે, પાંચ દંડવત કરવા. આજે બાપાશ્રી પ્રાગટ્યોત્સવનો વિશેષ દિવસ છે તો પાંચ દંડવત કરીને વિશેષ રાજી કરવા. આમ, સ્થૂળ દ્રષ્ટીએ અલ્પ જણાતી બાબતમાં પણ મહારાજ કે બાપાશ્રીની ગરિમા ક્યારેય ગૌણ થવા દીધી નથી અને મહિમા જ વધાર્યો છે.

**મેસેજ :-** ગમે ત્યારે આરતી પૂર્ણ થાય ત્યારે અવશ્ય બે દંડવત કરવા જ અને વિશેષ કોઈ દિન હોય ત્યારે રાજી કરવા માટે વિશેષ સાધન કરવા. આરતી બાદ ઠાકોરજીને દંડવત કર્યા પછી ગુરુજીને પણ દંડવત કરવા જોઈએ. એવી જ રીતે ગુરુજીના જ્યારે દર્શન થાય ત્યારે પણ અવશ્ય દંડવત કરવા.



આવો કરીએ પ્રાર્થના

# હો શ્રીજી તમારું પ્રગટપણું, અંતર્યામીપણું અખંડ રહો...



# પ્રગટભાવ એજ ખરો પ્રેમ

# વિષમ દેશકાળમાં બચવાના ઉપાય

